પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૦૯-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નર્મદા નદીએ ધારણ કર્યુ રૌદ્ર સ્વરૂપ : ભરૂચમાં ૩૫ ફૂટ સપાટી વટાવી, મોટાપાયે સ્થળાંતર કરાયું

### મધ્યપ્રદેશમાં ધોધમાર વરસાદના કારણે પાણીની ભારે આવક : નર્મદા ડેમના ૨૩ દરવાજા ૯.૭૦ મીટર સુધી ખોલી ૧૮ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડવામાં આવ્યુ



ગાંધીનગર,

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ સીઝનમાં પહેલીવાર છલવાયો છે. મધ્યપ્રદેશમાં ભારે વરાસાદને કારણે નર્મદા નદીમાં પૂરની સ્થિતિ ઉભદવી છે. જેને કારણે નર્મદા નદીના કાંઠા વિસ્તારમાં પૂરની સ્થિતિ ઉદભવી છે. સરદાર સરોવર ડેમમાંથી ૧૮ લાખ ક્યૂસેક પાણી છોડાતાં નર્મદા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ચાંદોદ, ભરૂચ, દાહોદ અને વડોદરાના કરનાળીના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેથી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત રહેવા એલર્ટ કરાયા છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી ૧૯ લાખ ક્યુસેક પાણી છોડવાને પગલે વડોદરા જિલ્લાના શિનોર, ડભોઈ અને કરજણ તાલુકાના ૨૫ જેટલા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેકટર અતુલ ગોરના માર્ગદર્શન હેઠળ તાલુકા તંત્રના અધિકારીઓ નદી કાંઠાના ગામોમાં નર્મદાના પાણીમાં ફસાયેલા નાગરિકોને બચાવવાની કામગીરી બચાવ ટુકડીઓ સાથે રહી કરી રહ્યા છે.

સિઝનમાં પહેલીવાર નર્મદા ડેમ સંપૂર્ણ પણે ભરાય છે. મધ્યપ્રદેશમાં ધોધમાર વરસાદના કારણે નર્મદા ડેમાં પાણીની ભારે આવક થઈ રહી છે, અને પાણીનુ સ્તર સતત વધી રહ્યું છે. આ કારણે નર્મદા ડેમના ૨૩ દરવાજા ૯.૭૦ મીટર સુધી ખોલી ૧૮ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. ભરૂચમાં ગોલ્ડનબ્રિજ પાસે નર્મદા નદીએ ભયજનક સપાટી વટાવી લીધી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસવાના શરૂ થતાં ૬૬૮ લોકોનું સ્થળાંતર કરાયું છે.

ભરૂચ ખાતે ઉપરવાસ માંથી નર્મદા નદીમાં ૧૮ લાખ ક્યુસેક છોડવાના આવી રહ્યું છે. ત્યારે નર્મદા નદીમાં ભરૂચ ખાતે પાણીની સપાટી ગોલ્ડનબ્રિજ ખાતે સપાટી સવારે ૭ કલાકે ૩૦ ફૂટને વટાવી છે. તંત્ર દ્વારા મહત્તમ નર્મદા નદીમાં ભરૂચ ખાતે પાણીની સપાટી ૩૫ ફૂટ સુધી જવાની ધારણા કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં થી કુલ ૬૬૮ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નર્મદા નદીમાં ભરૂચ ખાતે ૩૫ ફૂટે સપાટી પોહચતા ભરૂચ, અંકલેશ્વર સિટી કાંઠા વિસ્તાર તેમજ ૩૪ ગામોને અસર થશે. તમામ નીચા વાળા વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. કોઈપણ અઘટિત ઘટના ન બને તે માટે વહીવટી તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી છે. જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓને સ્ટેન્ડ બાય રખાયા છે.

બીજી તરફ નર્મદા નદીનું પાણી ચાંદોદના લોકો માટે આફત બન્યું છે. ૨૦૦૪ પછી બીજી વખત નર્મદા નદીનું પાણી બજાર સુધી આવી ગયું છે. સરદાર સરોવર ડેમમાંથી પાણી છોડાતા ચાંદોદને મોટી અસર થઈ છે. ચાંદોદ, કરનાળી અને નંદેરેયા ગામમાં નર્મદાના નીર ઘૂસ્યા છે. નર્મદા નદીના રૌદ્ર સ્વરૂપથી કરનાળી ગામ બેટમાં ફેરવાયું છે. યાત્રાધામ ચાંદોદના રસ્તા પર નર્મદાનું પાણી આવી ગયું છે. પાણીનો પ્રવાહ જોતા ગ્રામજનોમાં ભય જોવા મળ્યો છે. હાલ ગ્રામજનો વિકટ પરિસ્થિતિમાં જીવી રહ્યાં છે. આવામાં ઝી ૨૪ કલાક ચાંદોદના ગ્રામજનો સુધી પહોંચ્યું હતું. ગ્રામજનો પાણી ક્યારે ઉતરે તેવી ભગવાનને પ્રાર્થના કરી રહ્યાં છે. ચાણોદમાં પાણીમાં ફસાયેલા એક વૃદ્ધ પરિવારને SDRF ની ટીમે સલામત રીતે રેસ્ક્યું કરી બચાવ કર્યો હતો. વડોદરા જિલ્લામાં નર્મદા કાંઠા વિસ્તારના ગામોમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ નાગરિકોને કોઈ તકલીફ ન પડે તે માટે સતત ખડે પગે કામગીરી કરી રહ્યા છે. ગ્રામજનો દુકાનનો સામાન ખાલી કરવા મજબૂર બન્યા છે. તો તમામ ગામનો વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો છે. નર્મદા જિલ્લામાં વરસાદ પડતા અને સરદાર સરોવર ડેમમાંથી પાણી છોડવામાં આવતા તિલકવાડા, નાંદોદ, રાજપીપળામાંથી ૮૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નર્મદા ડેમથી ૧૦ કિલોમીટર દૂર ગરુડેશ્વર મેઈન હાઈવે પર પાણી ભરાયા છે. નર્મદા નદીમાં પાણી છોડાતા હાઈવે બંધ કરવાની ફરજ પડી છે. પોલીસ દ્વારા હાઈવે પર આવતા વાહનોને રોકવામાં આવી રહ્યા છે. નદીકાંઠામાં રહેતા લોકોને શાળાઓમાં સ્થળાંતરીત કરવામાં આવ્યા, અનેક મંદિરો પાણીમાં ગરકાવ, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસ પણ પાણી ફરી વળ્યા"

ગરુડેશ્વરથી રાજપીપલા જતો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. ગરુડેશ્વર હાઈવે પર નર્મદા જિલ્લા પોલીસ વડા રસ્તા પર ઉતર્યા છે. નર્મદક ડેમમાંથી ૧૦ કિલોમીટર દૂર વિયર ડેમ બનવવામાં આવ્યો છે. વિયર ડેમ ખાતે નર્મદા નદીનું રોદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે.એસઓયુની આજુબાજુ બનાવવામાં આવેલ સરોવરમાં પાણી ફરી વળ્યાં છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ પાણી ફરી વળ્યાં છે.

ભારે વરસાદથી ગુજરાતમાં એનડીઆરએફની ૯ ટીમ તૈનાત કરી દેવાઈ છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદથી સ્થિતિ ખરાબ છે. જેથી ભરૂચ, વડોદરા, નર્મદા, રાજકોટ, જૂનાગઢમાં દ્ગડ્ઢઇહ્લ ટીમ તૈનાત કરાઈ છે. તો નર્મદા ડેમમાંથી પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારમાં એલર્ટ કરાયા છએ. પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે દ્ગડ્ઢઇહ્લની ૯ ટીમ સજ્જ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર સરોવર નર્મદા ડેમ પૂર્ણ સપાટીએ છલકાઈ જતાં નર્મદા મૈયાના પાવન જળના વધામણાં જળ પૂજન કરીને કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજના જન્મ દિવસ ના અવસરે નર્મદા ડેમ પૂર્ણ કક્ષાએ છલકાઈ જવાના આ મંગલ પ્રસંગે મુખ્યમંત્રી રવિવારે વહેલી સવારે એકતા નગર પહોંચ્યા હતા અને નર્મદાના પવિત્ર જળનું પૂજન કરવા સાથે વડાપ્રધાનને સમગ્ર ગુજરાત ની જનતા જનાર્દન વતી જન્મ દિવસ શુભેચ્છાઓ પાઠવી હતી. મુખસચિવ રાજકુમાર અને મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન તેમજ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરી પણ આ વેળાએ સહભાગી થયા હતા.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ લુણાવાડામાં રાત્રી દરમિયાન એકધાર્યો વરસાદ

લુણાવાડા, રાત્રી દરમિયાન લુણાવાડામાં ૭ ઇંચ વીરપુરમાં ૪ ઈંચ અને સંતરામપુરમાં ૨ ઈંચ બાલાસિનોરમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો. બાલાસિનોરના જેઠોલી તાબે કુવેચિયા ગામમાં ત્રણ ફૂટ પાણી ભરાયુ હતું. જેથી ઘરોમાં પાણી ભરાયાંની સ્થિતિ સર્જાઈ છે. કોકવા કોતરનું પાણી ગામમાં ભરાયું. વરસાદને લઈ મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર થયું એલર્ટ. જિલ્લાના નીચાણ વાળા પુલ, નાળા પાસે બંદોબસ્ત ગોઠવી ચેતવણી આપવામાં આવી. લુણાવાડા,ખાનપુર,કડાણા, સંતરામપુર, વીરપુર, સહિત બાલાસિનોરમાં ભારે વરસાદ. વરસાદને લઈ આજુબાજુના નદી નાળામાં નવા નીરની આવક. વરસાદને લઈ ધરતી પુત્રોમાં ખુશી બીજી તરફ મહી નદીમાં પાણી છોડવામાં આવતા નીચાણ વાળા વિસ્તારમાં રહેતા લોકોને સ્થળાંતર કરવું પડી શકે છે.



# બાલાસિનોર તાલુકામાં જેઠોલી અને ગુથલી ખાતે ચાર મકાનની દીવાલો ધરાશાય : અનેક જગ્યાએ ઝાડ પડવાથી રસ્તાઓ બંધ થયા

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના સાર્વત્રિક વરસાદ પડતાં ખેડૂત પુત્રોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે ત્યારે તાલુકાના અનેક ગામોમાં ભારે વરસાદ પડવાથી કાચા મકાનોની દીવાલો ધરાશાઈ થઈ છે ત્યારે અનેક વિસ્તારોમાં ઝાડ માર્ગ પર પડતાં અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે. તાલુકામાં આવેલા કુવેચિયા ગામમાં ઘૂંટણ સમાં પાણી ભરાવાના કારણે અનેક ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. જયારે આસપાસના વિસ્તારમાં નદી પસાર થતી હોય તેવા દ્રશ્ય સર્જાયા હતા.



બાલાસિનોર તાલુકાના જેઠોલી ખાતે ગામમાંથી પસાર થતી નદી બે કાંઠે થતાં સમગ્ર ગામમાં પાણી ફરી વળ્યા હતા પાણી ગામમાં આવી જતા ગ્રામજનોના જીવ અધ્ધર થયા હતા ત્યારે સરપંચ અને તલાટી દ્વારા પાણી અન્ય જગ્યાએ વાળવા માટે ગ્રામજનોની મદદથી અનેક પારાઓ તોડ્યા હતા.


બાલાસિનોર સુતરિયા ગામમાં નીચાણવાળા ભાગમાં પાણી ભરાઈ જતાં ગ્રામપંચાયત ખાતે અને ગ્રામપંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે ૭૦ લોકોને સ્થાળાંતર કરવામાં આવ્યું. બાલાસિનોર તાલુકાના વણાંકબોરી ડેમ ઉપરવાસના કડાણા ડેમમાંથી પાણી છોડવામાં આવતા વણાંકબોરી ડેમ ઓવર ફ્લો થયો હતો. ત્યારે નીચાણ વાળા વિસ્તારના લોકોને સ્થાળાંતર કરવા માટે સૂચના અપાઈ છે. બાલાસિનોર તાલુકાના મેઘરાજાએ મહેર કરી છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ત્યારે આ ચોમાસા ઋતુમાં ૩૧ ઈંચ વરસાદ નોંધાયો હતો.

# બોટા નદી ઓવર ફ્લો થતાં વાહન વ્યવહાર બંધ કરાયા



સંતરામપુર, ભારે વરસાદના કારણેચી બોટા નદી ઓવરફ્લો દસ વર્ષ પછી પહેલીવાર પાણી રોડ ઉપર ફરી વળ્યો કલાકો સુધી વાહન વ્યવહાર બંધ રહ્યો. તાત્કાલિક સરકારી તંત્ર મામલતદાર પોલીસ પી.આઈ. સમગ્ર તંત્ર સ્થળ ઉપર પહોંચી વળ્યો વાહન ચાલકોને એક સાથે પસાર ના થવા દેવાનો જાણ કરવામાં આવી. ઘટના સ્થળે સરકારી તંત્ર ઉભા રહીને તાકી જ રાખવામાં આવી. સંતરામપુર તાલુકાના કાળીયા નર્સિંગપુર સુખી નદી, ઝાલોદ રોડ, ગરાડીયા રોડ ઉપર મોટાભાગના ઉપરાવવાસમાં પાણી ભરાયા નરસિંગપુર વિસ્તારની સોસાયટીમાં પાણીનો નિકાલ ના થતા લોકોના ઘરોમાં પાણી ભરાયું. ઠેઠે પાણીની ઘટનાઓ જોવા મળી. જયારે વનવિહાર સોસાયટીમાં અતિ ભારે વરસાદના કારણે વૃક્ષ દર્શાવ્યો કોઈ જાનહાનિ થયેલ નથી. બે મકાનને થયેલું નુકસાન અને ચિબોટા નદી પર તંત્રને એલોટ કરવામાં આવ્યો રોડ ઉપર પાણી ફરી વળતા વાહન ચાલકોના મોટાભાગના વાહનોનો ટ્રાફિક દ્રશ્યો જોવા મળી આવ્યા. વાહન ચાલકોની મોટી લાઈનો કતારા જોવા મળી આવેલી હતી.

# કડાણાડેમના ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ડેમમાં જળસ્તરમાં ધરખમ વધારો



કડાણા, કડાણા ડેમનું લેવલ પાચ કલાકે ૪૧૫ ફુટ નોંધાયેલ છે. જયારે પાણીની આવક ૮,૦૫,૨૦૦ કયુસેક નોંધાયેલ છે. કડાણા ડેમના ૦૪ એડીસનલ ગેટ ૧૨ ફુટ, ૧૨ ગેટ ૩૦ ફુટ, ૦૪ ગેટ ૬ ફુટ મળી ૨૦ ગેટ મારફતે ૮,૨૩,૬૯૭ કયુસેક પાણી મહી નદીમા છોડવામાં આવતા મહી નદી બે કાઠે થવા પામેલ છે. મહીનદીમાં પાણી છોડાતા નવિન હાઈ લેવલ પુલ તરફ એપ્રોચ રોડ તરફ જતા ડીપ ઉપર પાણી ફરી વળતા કડાણા તાલુકાનો ઉત્તર વિભાગ રાજસ્થાન તરફનો બંધ કરવામા આવેલ છે. ૩૫ કરોડના માતબર ખચે બનાવેલ નવિન પુલ હાલ નિરથેક સાબિત થયેલ છે. જયારે કડાણા થી ડેમ તરફ જતા રસ્તા પર પણ પાચ ફુટ જેટલુ પાણી ફરી વળતા ડેમ ઉપરની અવર જવર બંધ થયેલ છે. મહીનદીમા પાણી છોડાતા નીચાણ વિસ્તારના ગામોને એલર્ટ કરવામા આવેલ છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૩ વર્ષના થયા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી, વડા પ્રધાન નરેન્દ્ર મોદી જન્મદિવસની શુભેચ્છાઓ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે ૭૩ વર્ષના થયા અને તેમના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપાધ્યક્ષ જગદીપ ધનખર, પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, યુપીના સીએમ યોગીજી. આદિત્યનાથ, એમપી સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ અને વિપક્ષ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ પીએમ મોદીને શુભેચ્છા પાઠવી છે. વડા પ્રધાનને અભિનંદન આપતા રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ ઈચ્છે છે કે મોદી, તેમના વિઝન અને મજબૂત નેતૃત્વ સાથે, 'અમૃત કાલ' દરમિયાન દરેક ક્ષેત્રમાં ભારતના વિકાસનો માર્ગ મોકળો કરે.

ગૃહ પ્રધાન અમિત શાહે મોદીને નવા ભારતના શિલ્પકાર ગણાવ્યા અને કહ્યું કે વડા પ્રધાને દેશની પ્રાચીન વારસાના આધારે ભવ્ય અને આત્મનિર્ભર ભારતનો મજબૂત પાયો નાખ્યો છે. શાહે કહ્યું, 'પક્ષનું



સંગઠન હોય કે સરકાર, અમને હંમેશા મોદીજી પાસેથી પ્રેરણા મળે છે કે રાષ્ટ્રીય હિત સર્વોપરી છે.' તેમણે કહ્યું કે આવા અજોડ નેતાના નેતૃત્વમાં દેશની સેવા કરવાની તક મળવાને તેઓ સૌભાગ્યની વાત માને છે.

ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ કહ્યું કે, વડાપ્રધાને ભારતીય સંસ્કૃતિની વૈશ્વિક પ્રતિષ્ઠા, લોકોના બહુઆયામી વિકાસ અને રાષ્ટ્રની સાર્વત્રિક પ્રગતિને મૂર્તિમંત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું, 'અમારું 'અંત્યોદય' (સૌથી વંચિત લોકોનું ઉત્થાન) મિશન દરેક ગામ અને સમાજના દરેક વર્ગ સુધી પહોંચ્યું છે અને વિકસિત ભારત માટે સંકલ્પનો મંત્ર બની ગયો છે.'

રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે મોદીએ ભારતને ન માત્ર નવી ઓળખ આપી છે, પરંતુ વિશ્વમાં તેનું કદ અને પ્રતિષ્ઠા પણ વધારી છે. મોદીને સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે, 'વડાપ્રધાન ભારતના વિકાસને નવી ઊંચાઈએ લઈ ગયા છે.'

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ પણ પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેમણે ટ્વિટર પર કહ્યું, 'માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને જન્મદિવસની શુભેચ્છા. તમે જે ભાવના સાથે દેશની પ્રગતિ અને વિશ્વના કલ્યાણ માટે કામ કરી રહ્યા છો, તેણે ભારતને વૈશ્વિક સ્તરે એક સક્ષમ નેતા તરીકે સ્થાપિત કર્યું છે. ભગવાન તમને આ ઉર્જા સાથે દેશની સેવામાં સમર્પિત રહેવાની શક્તિ આપે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ પીએ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે પોસ્ટમાં લખ્યું હતું ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેણે એક કવિતા પોસ્ટ કરી. તેઓએ લખ્યું- સુદિનમ સુદિનમ જન્મદિન તવ.,ભવતુ મંગલમ જન્મદિવસ.,ચિરંજીવ કુરુ કીર્તિવર્ધનમ્ ?,ચિરંજીવ કુરુ પુણ્યવર્ધનમ્ ?,સર્વત્ર અને હંમેશા વિજયી બનો.,જગતિ ભવતુ તવ સૂયશગનમ્ ?

વિરોધ પક્ષોના નેતાઓએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે. આ સંદર્ભમાં દિલ્હીના સીએમ કેજરીવાલે પીએમ મોદીને શુભેચ્છા પાઠવી છે. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. દેશના માનનીય વડાપ્રધાનને આજના દિવસની ઘણી બધી શુભકામનાઓ. હું ઈચ્છું છું કે ભગવાન હંમેશા તમને સારું સ્વાસ્થ્ય અને લાંબુ આયુષ્ય આપે.

# માનગઢ ખાતે વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણી કરાઈ



સંતરામપુર, માનગઢ ધામ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોરે ગાયત્રી પરિવાર દ્વારા આયોજીત પંચકુંડી યજ્ઞમાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી કરી. સાથે વડાપ્રધાન મોદી નું આરોગ્ય નીરોગી રહે તેવી પ્રાર્થના કરી.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ બાબુભાઈ પટેલ, ઉપપ્રમુખ નંદાબેન ખાંટ, સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખ હરિશભાઈ વળવાઈ, ઉપપ્રમુખ આશાબેન ખાંટ, કડાણા તાલુકા પંચાયતના પ્રમુખ મંગુબેન માલીવાડ, ઉપપ્રમુખ બિપીનભાઈ પંચાલ, પુર્વ તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન પટેલીયા અને કમલેશભાઈ પાદરીયા, તાલુકા મંડળના પ્રમુખ બળવંતભાઈ પટેલીયા અને જેન્તીભાઇ પટેલ, મહામંત્રી કે. પી. ડામોર, ગાયત્રી પરિવારના રામજીભાઇ ગરાસિયા અને તેમની ટીમ, APMCના ચેરમેન શાંતિલાલ પટેલ, પોપટભાઈ ડિંડોર, ઝાલુભાઈ, યુવા નેતા સચિનભાઈ શાહ, સરપંચ ઓ, પાર્ટીના વરિષ્ઠ આગેવાનો, ગામના આગેવાનો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# નાની સરસણ પ્રાથમિક શાળામાં કલસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૩ યોજવમાં આવ્યું



સંતરામપુર, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા આયોજીત સમાજ માટે વિજ્ઞાન ટેકનોલોજીનો ઉપયોગ થાય તે માટે મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના નાનીસરસણ પ્રાથમિક શાળામાં કલસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૩ યોજવામાં આવ્યું. જેમાં કલસ્ટર માં સમાવિષ્ઠ ૮ પ્રાથમિક શાળાઓમાંથી ૯ કૃતિ રજુ કરી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં સી.આર.સી.કો.ઓ.રમેશભાઈ પટેલ,શાળાના આચાર્ય દ્વારા ભાગ લેનાર તમામ શિક્ષકો અને બાળવૈજ્ઞાનિકોને પ્રેરણા અને માર્ગદર્શન અને અભિનંદન સાથે પ્રોત્સાહક ઇનામ,પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું.



દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પ્રસંગે ગોધરાના અટલબાગ ખાતે આયોજીત બે દિવસીય યોગ શિબિરમાં સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાએ ભાગ લીધો હતો. કોલેજ વતીથી ડો. વીણા એમ પટેલે મહાનુભાવો સાથે દીપ પ્રાગટ્ય કરી આ શિબિરને ખુલ્લી મૂકી હતી સાથે વિવિધ મહાનુભાવો પણ જોડાયા હતા.

# ગોધરાની ઘી ઈકબાલ પ્રા.શાળામાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી



ગોધરા, ''શિક્ષક કભી સાધારણ નહી હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હે'' આ ઉક્તિને સાર્થક કરતા ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ નામાંકિત તથા વિશાળ સંખ્યા ધરાવતી ધી ઇકબાલ પ્રાથમિક શાળામાં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તા.૧૧/૦૯/૨૦૨૩ના રોજ વિભાગ ૬ થી ૮ના બાળકોએ શાળાના મુખ્ય શિક્ષક હાજી ઈદરીસ બડંગાના માર્ગદર્શન હેઠળ તથા શિક્ષકગણના સહિયારા પ્રયાસથી સ્વશાસન દિનની ઉજવણી કરવામાં આવી હતી.

તેમા ૫૦ જેટલા બાળકોએ એક દિવસીય શિક્ષકની ભૂમિકા ભજવી હતી. જેમાં મુખ્ય શિક્ષક તરીકે હાથીભાઈ આલીયા ખાલીદે ભૂમિકા ભજવી હતી. પ્રાર્થના સમયથી લઈ તમામ સમય શાળાનું સંપૂર્ણ સંચાલન બાળકોએ પોતે કરીને સ્વશાસન દિનની ઉજવણી કરી આજના દિવસને યાદગાર બાનાવ્યો હતો. અંતે શાળાના મુખ્ય શિક્ષક દ્વારા પ્રસંગને અનુરૂપ વકતવ્ય રજૂ કરી સૌનો આભાર માની કાર્યક્રમ સમાપ્ત કરાયો હતો.

# સંતરામપુર તાલુકામાં આંજણવા ક્લસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૩ ચરાડા પ્રાથમિક શાળામાં યોજાયું



સંતરામપુર, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા આયોજીત સમાજ માટે વિજ્ઞાન ટેકનોલોજીનો ઉપયોગ થાય તે માટે મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં આંજણવા ક્લસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૩ ચરાડા પ્રાથમિક શાળામાં યોજાયું. જેમાં ક્લસ્ટરમાં સમાવિષ્ઠ પ્રાથમિક શાળાઓમાંથી કૃતિ રજુ કરી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં સી.આર.સી.કો.ઓ. રમેશભાઈ પટેલ,શાળાના આચાર્ય લક્ષ્મણભાઈ પગી દ્વારા ભાગ લેનાર તમામ શિક્ષકો અને બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહક ઈનામ,પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું.

# સંતરામપુર ડોળી સી.આર.સી. ખાતે બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજયું



સંતરામપુર, સંતરામપુર તાલુકામાં ડોળી કલસ્ટર કક્ષાનું બાળ વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૩ સી. આર. સી. ડોળી ખાતે યોજવામાં આવ્યું. જેમાં કલસ્ટર ની કુલ ૧૨ શાળાઓએ ભાગ લીધો તેમજ કુલ ૧૪ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. દરેક બાળકો તેમજ માર્ગદર્શક મિત્રોએ ખુબ જ ઉત્સાહ થી ભાગ લઈ પ્રદર્શન ને સફળ બનાવ્યું હતું. સી. આર. સી. કો. ઓ. નિલેષકુમાર કાંતિલાલ પ્રજાપતિ ના સફળ માર્ગદર્શન હેઠળ ભાગ લેનાર તમામ બાળકો ને ભોજન તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં કલસ્ટરની તમામ શાળાના આચાર્યઓ, વિજ્ઞાન વિષય શિક્ષકો, તેમજ SMC સભ્યો અને મોટી સંખ્યામાં બાળકો એ પ્રદર્શન નિહાળી કાર્યક્રમને શોભાવ્યો હતો.

# આપની આજ.......

મેષ : સફળતા પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓએ એકાગ્રતા જાળવી રાખવી જોઈએ નહીં તો કેટલાંક અવરોધ તમને પરેશાન કરી શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં પણ સાહસમાં વધારો થશે અને ધંધામાં નફો મેળવવા માટેની તમારી નવી યોજનાઓ પર તમારું ધ્યાન રહેશે.

વૃષભ : પારિવારિક ખર્ચમાં અચાનક વધારો થવાને કારણે માનસિક તણાવ વધી શકે છે. પરિવારમાં દલીલ ટાળો નહીં તો સંબંધોમાં કડવાશ આવી શકે છે. સમાજમાં શુભ ખર્ચ સાથે તમારી ખ્યાતિ વધશે.

મિથુન : ન્યાયિક વિવાદોને કારણે તમારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ભાગીદારીમાં કરેલા વ્યવસાયથી તમને ઘણો ફાયદો થશે. પ્રેમજીવનમાં મધુરતા રહેશે.

કર્ક : તમારા સ્વાસ્થ્ય અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો અને સામાજિક અંતરના નિયમોનું સંપૂર્ણ પાલન કરો. આહારમાં બેદરકાર ના થાઓ, નહીં તો પેટ સંબંધિત ફરિયાદો થઈ શકે છે.

સિંહ : મેનેજમેન્ટ સંબંધિત લોકોને નવી તકો મળશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી સુધારા દ્વારા ઘરની સમસ્યાઓ દૂર થઈ શકે છે. બિઝનેસમાં થોડું જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક થઈ શકે છે.

કન્યા : રોજગારમાં પરિવર્તન માટેના તમારા પ્રયત્નોમાં તમને સફળતા મળશે. તમે કેટલાક સર્જનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. તમને કાર્યસ્થળમાં સૌથી વધુ ગમતું કામ કરવાની તક મળશે.

તુલા : કાર્યક્ષેત્રમાં આજે તમે જે પણ કાર્ય કરશો તે થોડી મહેનત માગશે, પરંતુ તેના ફળ તે જ સમયે મળી શકે છે. અપૂર્ણ ઘરના કામો ભાઈઓની સહાયથી પૂરા કરવામાં આવશે અને પરિવારને સુવ્યવસ્થિત રાખવા માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ પણ થશે.

વૃશ્ચિક : જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો નજીકના ભવિષ્યમાં મોટો ફાયદો થવાની સંભાવના છે. કાર્યસ્થળમાં રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્ય કરવા ફાયદાકારક રહેશે.

ધન : બિઝનેસમાં નવી ડીલ નફાકારક પરિસ્થિતિનું નિર્માણ કરશે. કાર્યક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયાસ કરશે. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો વધુ સારું રહેશે.

મકર : તમારા નેતૃત્વ હેઠળ કરવામાં આવતા કામમાં સફળતા મળશે અને અધિકારીઓ સાથેના તમારા સંબંધોમાં મધુરતા રહેશે. રોજગારી ક્ષેત્રે વધુ સારા વિકલ્પો ઉપલબ્ધ થશે અને આવક વધારવાની યોજના પણ સફળ થશે.

કુંભ : આજે રાજકીય કાર્યમાં સફળતાનો દિવસ રહેશે. પરિવારના સૌથી નાના સભ્ય સાથે સારો સમય પસાર થશે અને તમારી પ્રતિષ્ઠા પણ વધશે.

મીન : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. કાર્ય વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે અને કેટલાક નવા પ્રોજેક્ટ પર પણ કામ શરૂ થઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં મેઘો મહેરબાન થતા જળબંબાકાર જેવી પરિસ્થિતિ, તમામ ડેમો ઓવરફ્લો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ


દાહોદ,
દાહોદ શહેર જીલ્લામાં ગતરાતથી અવિરત ખાબકી રહેલા વરસાદને પગલે જીલ્લાના તમામ ડેમો ઓવરફ્લો થવા પામ્યા છે. તો અનેક નદી નાળા છલકાઈ જવા પામ્યા છે. ભારે વરસાદને પગલે કેટલાય વૃક્ષો અને ઈલેક્ટ્રીકના થાંભલા ધારાશાયી થવા પામ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી હતી. દાહોદ જીલ્લો પાણીથી તરબતર થવા પામ્યો છે જોકે કેટલાય વિસ્તારોમાં ઉભી મકાઈ આડી પડી જવા પામી હતી અને પાકને નુકસાન થવા પામ્યો હતો. દાહોદ શહેરને લાગે વળગે છે, ત્યાં સુધી શહેરમાં સ્માર્ટ સિટીના કેટલાય કામોને લઈને તથા ઉબડ ખાબડ માર્ગોને કારણે ભૂગર્ભ ગઠનના ખાડા ખુલ્લી ગટરો પાણીથી છલકાઈ જવાને કારણે કેટલાય શેહરીજનો પોતાના વાહનો સાથે ખાડામાં ખાબકવાના બનાવો બનવા પામ્યા છે, તો ખાડામાં ઉતરી ગયેલા વાહનો અને શહેરીજનોને નાના બાળકો સાથે સ્થાનિક વેપારીઓ અને ફાયર બ્રિગેડના જવાનોએ રેસ્ક્યુ કર્યા હતા. જે તે કામ ઉપર સ્માર્ટ સિટીની કે નગરપાલિકા દ્વારા અપાયેલા કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ બેરીકેટીંગ ન કરાતા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. હાલ પણ ભારે વરસાદ ખાબકી રહ્યો છે અને હજુ આવતીકાલે પણ ભારે વરસાદની આગાહી હોય શહેરમાં એક પ્રકારની દેહશત ફેલાય છે. શહેરના સ્લમ વિસ્તારમાં અને નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણ સમા પાણી ભરાઈ જવા પામ્યા છે. તો શહેરની દૂધીમતી નદીનો પંકજ સેતુ પુલ ઉપર પણ વરસાદી પાણી ફરી વળ્યા છે અને દૂધીમતી નદી બે કાંઠે વહેતી જોવા મળી રહી છે. દાહોદ શહેરમાં રીતે લા ૧૫ કલાકમાં પાંચ ઈંચ કરતાં પણ વધુ વરસાદ ખાબકતા સમગ્ર શહેર જળબંબાકાર થઈ જવા પામ્યું છે. તો શહેરના રાજમાર્ગોમાં ગંદકીના ડગલે ઢગલા જોવા મળી રહ્યા છે. વરસાદને પગલે પાલિકા અને વહીવટી તંત્ર દ્વારા જો તકેદારીના પગલાં લેવામાં નહીં આવે તો મોડી રાત સુધીમાં કોઈ અનિચ્છનીય બનાવ બનાવ બનવા પામે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી. દાહોદમાં હાલ દાઉદી વોરા સમાજના ધર્મગુરૂ બિરાજમાન છે અને આજુબાજુના વિસ્તારના દાઉદી વોરા કોમના મોટી સંખ્યામાં લોકો ઊંચી પડેલા હોય અને મસ્જિદ માટે નમાજમાં આવન જાવન માટે ભારે ભીડ હોય તકેદારીના પગલાં લેવા અત્યંત આવશ્યક છે એક જ દિવસમાં કાપેલા સાત ઈંચ વરસાદે સ્માર્ટ સિટીની પોલ ખુલી ગઈ છે.

દાહોદ શહેરના દર્પણ રોડના વળાંક પર તાજેતરમાં સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ અંતર્ગત ભૂગર્ભ ગટર નાખવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં વ્યવસ્થિત રીતે પુરાણ ન કરવામાં આવતા ૮ થી ૯ ફૂટ જેટલો ખાડો પડી જવા પામ્યો હતો. ગઈકાલ શાંતિ અવિરત વરસી રહેલા વરસાદના પગલે આ ખાડામાં પાણી ભરાઈ જવાથી ખાડો અદ્રશ્ય થવા પામ્યો હતો. આજે દિવસ દરમિયાન પાંચ થી સાત વાહનચાલકો તેમજ રાહદારીઓ આ આઠ થી નવ ફૂટ જેટલા ઊંડા ખાડામાં ખાબકતા આસપાસના વેપારીઓ તેમજ સ્થાનિકોએ ઉપરોક્ત વાહન ચાલકોને બહાર કાઢયા હતા તેમાંય એક બાળકના જીવ પર આવી બની હતી. પરંતુ સદનસીબે સદનસીબે પહોંચેલા ફાયરના જવાનોએ આ બાળકને ઊંડા ખાડામાંથી બહાર કાઢ્યો હતો. અત્રે ઉલ્લેખની એ છે કે સ્માર્ટ સિટી અંતર્ગત ભૂગર્ભ ગટરની લાઈન નાખ્યા બાદ વ્યવસ્થિત રીતે પુરાણ કરવામાં આવ્યું નહોતું તેમ જ આ જગ્યા ઉપર ઊંડો ખાડો છે, તેવી ચેતવણીરૂપ સાઈનબોર્ડ અથવા બેરીકેટ ન મૂક્યા હોવાના કારણે આ દુર્ઘટના સર્જાઇ હતી. જોકે, સદ્દનસીબે આ બનાવમાં કોઈ જાનહાની બનવા પામી નહોતી, પરંતુ આવી ગંભીર પ્રકારનીસ્માર્ટ સિટી અથવા દાહોદ નગરપાલિકાની ભૂલોના કારણે આગામી સમયમાં કોઈના જીવ પર આવી જાય તે પહેલા સંબંધીતો દ્વારા વરી કામગીરી કરવામાં આવે તેવી લાગણી ઉઠવા પામી છે. જોકે, આજરોજ બનેલા બનાવનાર સીસીટીવી કેમેરામાં આ દુર્ઘટના કેદ થવા પામી હતી.

- દાહોદ જીલ્લાના નવ તાલુકા મથકોમાં ત્રણ ઈંચ કરતાં વધુ વરસાદ, દાહોદ શહેરમાં સાત ઈંચ જેટલો વરસાદ ખાબકતા જનજીવન અસ્તવ્યસ્ત.
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફાયર બ્રિગેડ તેમજ પોલીસ એલર્ટ મોડ પરઃ ઐતિહાસિક દૂધીમતી નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું.
- કાચા મકાનોની દિવાલો ધરાશાયી, અનેક સ્થળે વૃક્ષો ધરશાયી થતા વાહન વ્યવહાર પ્રભાવિત, અંતરિયાળ ગામોમાં કલાકો થી વીજળી ડૂલ થતા અંધારપટ છવાયો.

દાહોદ શહેર સહીત જીલ્લાભરમાં ગઈકાલ સાંજથી મેઘો મહેરબાન થતા દાહોદ જીલ્લાના નવ તાલુકા મથકોમાં ત્રણ ઈંચ કરતાં વધારે વરસાદ વરસવા પામ્યો છે. જ્યારે દાહોદ શહેરમાં સાડા પાંચ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. દાહોદ જીલ્લામાં અવિરત વરસી રહેલા વરસાદના કારણે જીલ્લાના તમામ ડેમો ઓવરફ્લો થવા પામ્યા છે. જેના પગલે કલેકટર ડોક્ટર હર્ષિત ગોસાવી તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સક્રિય મોડમાં આવી ગયું છે. નીચાણવાળા વિસ્તારોના ગામોને અલેટ જાહેર કરવામાં આવ્યા છે, તો સાથે સાથે તેઓને સલામત જગ્યાએ ખસેડવાની તજવીજ પણ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે. દાહોદ શહેરનો ઐતિહાસિક છાબ તળાવ કેચમેન્ટ વિસ્તારમાંથી ઓવરફ્લો થઈને પાણી જઈ રહ્યો છે.

દાહોદ શહેરમાં ગતસાંજથી પડી રહેલા અવિરત વરસાદના પગલે જળબંબાકાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા અગ્નિશામક દળના લશ્કરો તેમજ પાલિકાના સુધરાઈ સભ્યો પણ રાહત અને બચાવ કામગીરીમાં જોતરાયા છે. જોકે શહેરની ઐતિહાસિક દૂધીમતી નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા રામસેતુ પુલ સંપૂર્ણરીતે પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યો છે. રામસેતુ પુલના પાંચથી છ ફુટ ઉપરથી પાણીનો પ્રવાહ જતા જોવા મળતા પોલીસે આ માર્ગને બંધ કરી બેરીકેટીંગ કરી દીધું છે. તો બીજી તરફ દૂધીમતી નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા નદી કિનારે આવેલા નીચાણવાળા મકાનોમાં પાણી ભરાઈ જતા કાચા મકાનોની દિવાલ ધરાસાઈ થવા પામી છે. જોકે હાલ દાહોદમાં જળબંબાકાર જેવી પરિસ્થિતિની વચ્ચે કોઈ જાનહાની બનવા પામી નથી પરંતુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયર બ્રિગેડના જવાનો, તેમજ સ્થાનિક પોલીસ દ્વારા રાહત અને બચાવ કામગીરી પૂર જોશમાં શરૂ કરી દીધી છે.

## દાહોદ જીલ્લામાં અવિરત વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા એક દિવસ માટે તમામ શાળાઓની રજા જાહેર કરાઈ

દાહોદ,
દાહોદ જીલ્લામાં અવિરત પણે બે દિવસથી વરસી રહેલા વરસાદના પગલે જનજીવન અસ્તવ્યસ્ત બનવા પામ્યું છે. દાહોદ શહેર સહીત જીલ્લાભરમાં નિચાંણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. ભારે વરસાદના પગલે જીલ્લાના તમામ ડેમો નદી નાળા કોતરમાં પાણીના ધસમસતા પ્રવાહ જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, તેમજ દાહોદ જીલ્લાને રેડ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. તેવા સમયે અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થાનિક વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા લોકોને સલામત જગ્યાએ ખસેડવાની કવાયત હાથ ધરવામાં આવી રહી છે. તેવા સમયે બાળકોની સુરક્ષા અને જાનમાલને કોઈ નુકસાન ન પહોંચે તેમ જ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુંથી દાહોદ કલેકટર ડોક્ટર હર્ષિત ગોસાવીના નિર્દેશો અનુસાર જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તેમજ ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૩ સોમવારના રોજ દાહોદ જીલ્લાની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એક દિવસની રજા જાહેર કરી દીધા સોમવારના દિવસે જીલ્લાની તમામ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. તેઓ સરકારી સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.



દાહોદ જીલ્લાની ગુરૂકુળ વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાએ યુવા મહોત્સવ યોજાયો જેમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના સહિયારા પ્રયાસથી પ્રથમ, દ્વિતીય, નંબર મેળવ્યો જુદી જુદી સ્પર્ધાઓમાં, જેવી કેવકૃત્વ ચિત્ર, સંગીત, કાવ્ય, નિબંધ વગેરે સ્પર્ધામાં પ્રથમ આવનાર બાળકોએ શાળાનું ગૌરવ વધારીયુ. શાળા પરિવાર તરફતી આ બધાં બાળકોને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.


## જેસાવાડા અલખધામ રામદેવજી મંદિરે ધજા નેજા ચડાવવાનો કાર્યક્રમ યોજાયો

ગરબાડા,
ભાદરવા માસમાં સુદ એકમથી અગિયારસ સુધી નિષ્કલંક અવતાર પૂર્ણ બ્રહ્મ પરમાત્મા શ્રી રામદેવજી પીરની નવરાત્રી ઉજવાય છે. જે નિમિત્તે જેસાવાડા અલખધામ રામદેવજી મંદિરે ભાદરવા સુદ એકમ તારીખ ૧૬/૯/૨૩ થી ભાદરવા સુદ નોમ દશમ તારીખ ૨૪/૯/૨૩ સુધી રામદેવજી નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં સુદ બીજ રામદેવજી મહારાજના પ્રાગટ્યદિને રામદેવજી મંદિર જેસાવાડા ખાતે સવારે ધજા નેજા ચઢાવવાનો કાર્યક્રમ યોજાયો. જેમાં ગોપાલભાઈ કાળુભાઈ વાળંદ તથા અશોકભાઈ તેમજ



મુકેશભાઈ કાંતિભાઈ સોલંકી તરફથી ધજા ચડાવવામાં આવી હતી. રાત્રે વરદાય સુંદરકાંડ મંડળ તરફથી ભજન સંદયા નો કાર્યક્રમ રાખેલ છે. મંદિરના ટ્રસ્ટી કિરણસિંહ ચાવડા દ્વારા પધારેલ સૌ ભક્તજનો, જતિ સતિ, ગતગંગા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દે.બારીયાના ઉચવાણ ગામની પાનમ નદીમાં ફસાયેલા ફાયર બ્રિગેડના બે જવાનો સહીત ત્રણને ૧૨ કલાકની જહેમતે બહાર કાઢ્યા



દાહોદ,
દેવગઢ બારીયાના પાનમ નદીમાં ગત રાત્રિના રેતીની લીઝમાં હિટાચી મશીન હિટાચી મશીન રીપેર કરતી વખતે નદીમાં પાણીનું વહન વધી જતા ચાર જેટલા ઈસમો પાણીના વહેણમાં ફસાયા હતા. જેને લઈ દેવગઢબારિયા પાલિકાની ફાયર ફાયટર ટીમ તેમજ એસડીઆરએફ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. રાત્રિના ત્રણ વાગ્યાના અરશામાં ફસાયેલા ત્રણ ઈસમોને રેસ્ક્યુ હાથ ધરી બહાર કાઢી લીધા હતા. ત્યારે અન્ય એક ઈસમને બહાર કાઢવા માટે રેસ્ક્યુ કરી રહેલ ટીમ અંદર જતાં પાણીનું વહેણ વધી જતા રેસ્ક્યુ કરી રહેલ ફાયર વિભાગના બે ફાયરમેન પણ અંદર ફસાઈ ગયા હતા અને તેઓને બહાર કાઢવા માટે એસટીઆરએફની ટીમ દ્વારા સતત રેસ્ક્યુ ચાલુ રાખતા એસડીઆરએફની ટીમ ફસાયેલા ઈસમોને બચાવે તે પહેલા જ ત્રણથી ચાર વાર નિષ્ફળ નિવડી હતી. જેને લઈ રાત્રિના સમયે રેસ્ક્યુ બંધ રાખી વહેલી સવારે ફરીથી રેસ્ક્યુ હાથ ધરતા જેમાં એસ ડી આર એફની હોઠ બોટ પાણીમાં પલટી જતા બે જવાનો પણ આ પાણીમાં ફસાયા હતા. ત્યારે જીલ્લા પોલીસ વડાએ ફરીથી એસડીઆરએફ ટીમને સાથે રહી રેસક્યુ હાથ ધરવાની સૂચના આપતા ફરીથી હાથ ધરાયો હતો. ૧૧:૦૦ વાગ્યાના અરસામાં તમામ ફસાયેલા ઈસમોને એસ.ડી.આર.એફ.ની ટીમ દ્વારા બહાર કાઢી લેવાયા હતા આ બનાવને લઈ જીલ્લા કલેકટર અધિકારીથી લઈ જીલ્લા પોલીસવાળા સહિત સ્થાનિક ધારાસભ્ય રાજ્યકક્ષાના મંત્રી ઘટના સ્થળે ઉપસ્થિત રહ્યા હતા. એસડીઆર ટીમને કામગીરીને બિરદાવી તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ફતેપુરા તાલુકાના સુખસર નદીના વહેણમાં તણાયેલ ઈનોવા : ત્રણનો ચમત્કારિક બચાવ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
બપોરના ફતેપુરા તાલુકાના સુખસર ખાતે ખારી નદીમાંથી ઈનોવા ચાલક સહિત ત્રણ વ્યક્તિઓ નદીના પુલ ઉપરથી પસાર થતા સમયે નદીના વહેણમાં ગાડી સહિત ત્રણ વ્યક્તિઓ તણાઈ ગયા હતા. જેની જાણ આસપાસના લોકોને થતા તાત્કાલિક પોલીસ સ્ટેશન, મામલતદાર સહિત રેસ્ક્યુ ટીમને જાણ કરતા તાત્કાલિક વહીવટી તંત્રો સુખસર બનાવના સ્થળે આવી પહોંચ્યા હતા અને ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ઈનોવા સવાર ત્રણેય વ્યકિતઓને સહી સલામત બહાર કાઢવામાં આવતા હાશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ લખણપુર ગામના મુકેશભાઈ પારસીંગભાઈ તાવીયાડ, તેમના કબજાની ગાડીમાં તેનો પુત્ર તથા એક અન્ય વ્યકિત ઈનોવા ગાડી લઈ સુખસર તરફ ગયા હતા. તે દરમિયાન ખારી નદીનો પુલ પસાર કરવા જતા ઈનોવા ગાડી નદીના પાણીના વહેણમાં તણાઈ જવા પામી હતી. તેમજ ઈનોવા ગાડી પાણીમાં તણાતા થોડે આગળ જતા બાવળના વૃક્ષોમાં ફસાઈ ગઈ હતી. જ્યારે આ ત્રણેય વ્યક્તિઓએ સમય સૂચકતા વાપરી ગાડીની બહાર નીકળી ગાડીના છાપરા ઉપર ચડી ગયા હતા. આ વાત સુખસરમાં વાયુ વેગે ફેલાઈ જતા પોલીસ સ્ટેશનમાં જાણ થઈ હતી. તેમજ ફતેપુરા મામલતદાર ને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને રેસ્ક્યુ ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને પાણીના વહેણમાં તણાયેલા ઈનોવા ગાડીમાં સવાર ત્રણ વ્યક્તિઓને સહી સલામત જીવીત બહાર કાઢવામાં આવતા વહીવટી તંત્ર સહિત ઉપસ્થિત લોકોએ હાશકારો અનુભવ્યો હતો. જ્યારે ઈનોવા ગાડી નદીના પાણીમાં ગરકાવ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. પાણીના વહેણમાં તણાયેલા અને નસીબ જોગે બચી ગયેલા ત્રણેય વ્યકિતઓને પ્રાથમિક સારવાર માટે સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવ્યા હતા.

## પશ્ચિમ રેલવેના અમરગઢ-પંચ પીપળીયા સેકશનમાં રેલ દુર્ઘટનાથી રેલ વ્યવહાર ખોરવાયો



દાહોદ,
પશ્ચિમ રેલવેના રતલામ મંડળમાં સમાવિષ્ટ અમરગઢ પંચ પીપળીયા સેક્શનમાં ભારે વરસાદના પગલે લેન્ડ સ્લાઈડીંગ થતાં મોટા મોટા પથ્થરો રેલવે ટ્રેક પર આવી જતા તે સમયે ત્યાંથી પૂર ઝડપે પસાર થતી હઝરત નિઝામુદ્દીન થી મિરાજ જંકશન તરફ જતી ૧૨૪૯૪ દર્શન દુરંતો સુપરફાસ્ટ એક્સપ્રેસનો એન્જિન તેમજ કોચ પાટા પરથી ખડી પડતા રેલ વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો હતો.જેના પગલે પાંચ જેટલી ટ્રેનો રદ કરવામાં આવી હતી જ્યારે ચાર ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી.થતા ૯ થી વધારે સુપરફાસ્ટ ટ્રેનો તેમના નિર્ધારી સમય કરતા મોડી સંચાલિત કરવામાં આવી હતી. ઘટનાની જાણ રેલવે તંત્રના સત્તાધીશોને થતા યુદ્ધના ધોરણે ટ્રેક ચાલુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તથા રેલવે તંત્ર હેલ્પલાઈન નંબર પણ જારી કર્યા હતા. જેના પગલે દાહોદ રેલવે સ્ટેશન પર મુસાફરો અટવાઈ જવા પામ્યા હતા.

### નીચે આપેલ ટ્રેનો રદ કરવામાં આવી

૧) ટ્રેન નં. ૦૯૩૫૦ દાહોદ-આણંદ મેમુ ૧૬.૦૯.૨૩ ના રોજ.
૨) ટ્રેન નં. ૧૬.૦૯.૨૩ ના રોજ ૦૯૩૫૮ રતલામ દાહોદ.
૩) ટ્રેન નંબર ૦૯૩૮૩ રતલામ - ઉજ્જૈન ૧૬.૦૯.૨૩ ના રોજ.
૪) ટ્રેન નં.૦૯૩૮૧ દાહોદ-રતલામ ૧૬.૦૯.૨૩ ના રોજ.
૫) ટ્રેન નં. ૦૯૩૫૭ દાહોદ-રતલામ ૧૬.૦૯.૨૩ ના રોજ.

પશ્ચિમ રેલવેના રતલામ મંડળમાં સમાવિષ્ટ અમરગઢ પંચ પીપળીયા સેક્શનમાં આજરોજ ભારે વરસાદના પગલે લેન્ડ સ્લાઈડીંગ થયું હતું. જેના કારણે મોટા મોટા પથ્થરો રેલવે ટ્રેક પર આવી ગયા હતા. તે સમયે ટ્રેન નંબર ૧૨૪૯૪ નિશામુદ્દીન–મિરાજ દર્શન દુરંતો એક્સપ્રેસ પસાર થતા ટ્રેનનો એન્જિન તેમજ એક બોગી પાટા પરથી ખડી પડતા દાહોદ રેલવે સ્ટેશન સાયરનોથી ગુંજી ઉઠ્યું હતું. ઘટનાની જાણ રેલવે સત્તાધિશોને થતા રેલવે સેફટી ટીમ, આરપીએફ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.અને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.

અમરગઢ પંચપીપલીયા સેકશનમાં નિઝામુદ્દીન દુરંતો એક્સપ્રેસ ડિરેલ થતા પશ્ચિમ રેલવેનો અતિ વ્યસ્ત ગણાતો દિલ્હી–મુંબઈ રેલમાર્ગ પ્રભાવિત થયો હતો. જેના પગલે દાહોદથી ઈમરજન્સી મેડીકલ વાન તમામ સંસાધનો સાથે ઘટના સ્થળે પહોંચી હતી. આશરે બે કલાકની જહેમત બાદ ડાઉન ટ્રેક ચાલુ કરાતા એક તરફનો વ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો. જ્યારે ડાઉન ટ્રેક ચાલુ કરવામાં કલાકોનો સમય વીત્યો હતો. ઘટના સ્થળે પહોંચેલી રેલવે સેફટી ટીમ તેમજ અન્ય સંબંધિતો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી.

ગોધરા-રતલામ સેકશનમાં નિઝામુદ્દીન દુરંતો સુપરફાસ્ટ ટ્રેન ડીરેલ થતા રેલ વ્યવહાર ખોરવાતા રેલવે તંત્ર દ્વારા દુરંતોમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને ઘટના સ્થળે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડાઉન ટ્રેક ચાલુ થયા બાદ આ ટ્રેનમાં અન્ય એન્જિન લગાવી વડોદરા ખાતે રવાના કરવામાં આવી હતી. જ્યાં રેલવે તંત્ર દ્વારા મુસાફરોને ભોજન વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી હતી.

### નીચેની ટ્રેનો શોર્ટ ટર્મિનેટ કરાઈ

૧) ટ્રેન નં. ૦૯૩૮૨ રતલામ-દાહોદ JCO ૧૬.૦૯.૨૩ બામણિયા સ્ટેશન પર ટૂંકો સમય સમાપ્ત થયો અને બામણિયા અને દાહોદ વચ્ચે રદ કરવામાં આવ્યો.
૨) ટ્રેન નં. ૧૯૮૨૦ કોટા-વડોદરા JCO ૧૬.૦૯.૨૩ રતલામ ખાતે ટૂંકી અને રતલામ-વડોદરા વચ્ચે રદ.
૩) ટ્રેન નં. ૧૯૩૪૦ ભોપાલ-દાહોદ ઉંઈંઘ ૧૬.૦૯.૨૯ નાગદા ખાતે ટૂંકો સમય સમાપ્ત થયો અને નાગદા અને દાહોદ વચ્ચે રદ કરાયો.
૪) ૧૯૩૩૯ દાહોદ-૧૭.૦૯.૨૩ ના ભોપાલ નાગદાની શરૂઆત ટૂંકી અને દાહોદ અને નાગદા વચ્ચે રદ.

### મોડી પડેલી ટ્રેનોની યાદી

૧. ટ્રેન નં. ૧૯૩૩૯ દાહોદ ભોપાલ એક્સપ્રેસ-૦૧.૦૫ કલાક.
૨. ટ્રેન નંબર ૧૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ બરૌની એક્સપ્રેસ-૦૨.૫૮ કલાક.
૩. ટ્રેન નંબર ૨૨૨૦૯ મુંબઈ સેન્ટ્રલ નવી દિલ્હી એક્સપ્રેસ-૦૪.૦૨ કલાક.
૪. ટ્રેન નંબર ૨૦૯૪૧ બાંદ્રા ટર્મિનસ ગાઝીપુર સિટી એક્સપ્રેસ-૦૩.૦૨ કલાક.
૫. ટ્રેન નંબર ૧૯૦૧૯ બાંદ્રા ટર્મિનસ હરિદ્વાર એક્સપ્રેસ-૦૧.૨૦ કલાક.
૬. ટ્રેન નંબર ૧૨૪૭૨ માતા વૈષ્ણો દેવી કટરા બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ-૦૩.૧૨ કલાક.
૭. ટ્રેન નંબર ૨૨૬૩૪ એચ.નિઝામુદ્દિંગ ત્રિવેન્દ્રમ સેન્ટ્રલ એક્સપ્રેસ-૦૩.૦૭ કલાક.
૮. ટ્રેન નંબર ૧૯૦૨૦ હરિદ્વાર બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ-૦૧.૫૦ કલાક.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.23

# પંચમહાલ જીલ્લામાં સાર્વત્રિક વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત









**- ગોધરા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા.**
**- ભુરાવાવ, અમદાવાદ હાઈવે સિમલા ગેરેજ, ખાડી ફળીયા વિસ્તારોમાં પાણી ભરાયા.**

ગોધરા, પંચમહાલ જીલ્લામાં ૧૬ સપ્ટેમ્બર શનિવાર મોડી રાત્રીથી મેઘરાજા લાંબા રિસામણા બાદ ધોધમાર વરસી પડયા હતા. સતત બીજા દિવસે પણ વરસાદ ચાલુ રહેવા પામ્યો છે. ભારે વરસાદથી ગોધરા શહેરના નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં પાણી ભરાવવાની તેમજ અમુક બંધ થઈ છે. સતત બે દિવસથી વરસી રહેલા વરસાદથી નદી–નાળા અને તળાવમાં નવા નીરની આવક થઈ છે. મેઘમહેર થતાં જીલ્લાના ખેડુતોમાં આનંદ જોવા મળ્યો છે.

મધ્ય ગુજરાત સહિત પંચમહાલ જીલ્લામાં શનિવાર મોડી રાત્રીથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સતત બીજા દિવસે પણ વરસાદ સતત શહેરના અનેક વિસ્તારો જેવાં કે, ભુરાવવા વિસ્તાર, સિમલા ગેરેજ, ખાડી ફળીયા, ચિત્રાખાડીમાં વરસાદી પાણી નિકાલના અભાવે ઘરો અને રોડ ઉપર ભરાતા રહિશો અટવાઈ પડયા હતા. ઘરોમાં પાણી ભરાતા માલસામાનને ભારે નુકશાન થવા પામ્યું છે. ગોધરા–દાહોદ હાઈવે પ્રભા કોતર બે કાંઠે થતાં કાંઠા

| ૧૭ સપ્ટેમ્બરના રોજ જીલ્લામાં નોંધાયેલ વરસાદી આંકડા |
|---|
| શહેરા - ૯ ઈંચ |
| મોરવા(હ) - ૭ ઈંચ |
| ગોધરા - ૯.૫ ઈંચ |
| કાલોલ - ૩ ઈંચ |
| ધોઘંબા - ૪૭ મી.મી. |
| હાલોલ - ૩ ઈંચ |
| જાંબુધોડા - ૨.૯ ઈંચ |

ગોધરાની મેશરી નદી બે કાંઠે વહેતી થતા વ્હોરવાડ થી ગોન્દ્રાને જોડતા કોઝ વે પાણીમાં ગરકાવ થયો હતો. કોઝ વે ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવી બન્ને કાંઠા ઉપરથી અવર જવર માટે બંધ કરવામાં આવ્યો.

મોરવા(હ) તાલુકાના નાટાપુર પાસે પાનમ નદી ખાતે ભારત માલા પ્રોજેકટ અંતર્ગત કામગીરી કરતાં ૬૦ જેટલા મજુરોને સ્થાનિક ફાયર ટીમ, તરવૈયાએ પોલીસ જવાનો દ્વારા મામલતદારની હાજરીમાં રેસ્કયુ કરી સુરક્ષીત જગ્યાએ સ્થળાંતરીત કરાયા.

વિસ્તારોના માર્ગો ઉપર પાણી ફરી વળતા લોકોની અવરજવર ચાલુ રહ્યો હતો. સત એકધાર્યા ધોધમાર વરસાદને લઈ ગોધરા વિસ્તારના પેરેડાઈઝ એપાર્ટમેન્ટ, ગણેશ નગરના અનેક મકાનોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે.

## ગોધરા રેલ્વે ટ્રેક ઉપર પાણી ભરાતા ટ્રેન વ્યવહાર પર અસર

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે રેલ્વે ટ્રેક ઉપર પાણી ભરાતા સિગ્નલ લોર્ડીંગ સીસ્ટમ પર અસર પડી હતી. જેને લઈ મુંબઈ-દિલ્હી ટ્રેન વ્યવહાર પર અસર થવા પામી. મુસાફર ટ્રેનોને સહિ સલામત પસાર કરવા રેલ્વે વિભાગ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો.

## ગોધરા ચંચોપા ગામે ભારત માલા પ્રોજેકટની કામગીરી કરતાં ૩ શ્રમિકોને પોલીસે બચાવ્યા

ગોધરા તાલુકાના ચંચોપા ગામે ભારત માલા પ્રોજેકટમાં ફસાયેલા ૩ શ્રમિકોની મદદ ગોધરા તાલુકા પી.આઈ. પી.કે.આસોડાએ સરાહનિય કામગીરી કરી હતી અને ફસાયેલા ૩ શ્રમિકોને પોલીસ દ્વારા ૭૦ ફુટ ઉંડાઈએથી દોરડા વડે સાહસ કરી શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

શહેરાના તાલુકાના પોયડા ગામના નાયક ફળીયાના અંદાજીત ૭૦ વ્યકિતઓને સ્થળાંતર કરી પ્રા.શાળામાં ખસેડવામાં આવ્યા.

## હડફ ડેમ માંથી ૭ ગેટ ખોલી પાણી છોડવામાં આવ્યું

પંચમહાલ જીલ્લાના હડફ ડેમમાં ઉપરવાસમાં ભારે વરસાદને લઈ પાણીની સતત આવકમાં વધારો થયો હતો. જેને લઈ ડેમના ચાર ગેટ ૭ ફુટ અને ૧ ગેટ ૮ ફુટ સુધી ખોલવામાં આવતા હડફ નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

હડફ ડેમની હાલની સપાટી :- ૧૬૬.૨૦ મીટર
ભયજનક સપાટી :- ૧૬૬.૨૦ મીટર
આવક :- ૪૩૫૨૦ કયુસેક
જાવક :- ૪૩૬૮૦

## પંચમહાલ જીલ્લામાં સોમવારે ભારે વરસાદને લઈ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો

પંચમહાલ જીલ્લામાં સતત બે દિવસથી સતત ભારે વરસાદને લઈ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સોમવારના રોજ જીલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં એક દિવસની રજા જાહેર કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં મોટાભાગના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક મેઘમહેર થવા પામી છે. એક તરફ લાંબા સમયથી વરસાદથી રાહ જોતા ધરતીપુત્રો માટે વરસાદ આર્શીવાદ સમાન બન્યો છે અને ઉભા પાકોને જીવતદાન મળ્યું છે. નદી–નાળાઓ–તળાવો જતા નવા નદીની આવક થતાં આગામી સીજન અને ઉનાળામાં ઉભી થનાર પાણીની સમસ્યા દુર થઈ છે.

# પંચમહાલ જીલ્લાના જીવા દોરી સમાન પાનમ ડેમ મા ઉપરવાસમાંથી ૨,૧૯,૫૬૮ કયુસેક પાણીની આવક થતા ડેમના સાત ગેટ ખોલવામાં આવ્યા



ગોધરા, પાનમ ડેમમાં પાછલા બે દિવસથી ઉપરવાસમાંથી સતત પાણીની આવક થઈ રહી છે. રવિવારના રોજ ૨,૧૯,૫૬૮ ક્યુસેક પાણીની આવક થઈ હતી. જેને લઈને તંત્ર દ્વારા ડેમના સાત ગેટ ખોલવામાં આવ્યા હતા. ડેમમાંથી ૬૧૦૦૦કયુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવતા નદી બે કાંઠે વહેતી થઈ હતી. જેને લઈને તંત્ર દ્વારા રમજીની નાળ, બલુજીના મુવાડા, કોઠા સહિત નદી કાંઠાને અડીને આવેલા ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. એલર્ટ કરવામાં આવેલ ગામોમાં તલાટી સહિતનો સ્ટાફ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યો હતો. નદી કિનારે કોઈપણ વ્યકિતએના જવા માટે તંત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. પાનમ જળાશયની જળ સપાટી ૧૨૫.૩૦ મીટરએ પહોંચી હતી. ભયજનક સપાટી ડેમની ૧૨૭.૪૧ મીટર છે. ઉપરવાસમાંથી પાણીની સારી આવકને પગલે જળાશયની જળ સપાટીમાં સતત વધારો થઈ રહ્યો હતો. જેને લઈને પાનમ સિંચાઈ વિભાગ દ્વારા તબક્કાવાર ડેમમાંથી પાણી છોડવામાં આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી હતી. હાલ તો સમગ્ર જીલ્લામાં વરસાદી માહોલ બનવા સાથે જળાશયોમાં પાણીની સારી એવી આવક થવા પામી હતી.

# શહેરામાં ભારે વરસાદના રેફરલ હોસ્પિટલ અને MGVCL સબ સ્ટેશનમાં પાણી ભરાતાં વીજ પુરવઠો બંધ કરાયો





તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં ચોમાસુ રિટર્ન થતા વરસાદી માહોલ બનવા સાથે ભારે વરસાદ થવાથી શનિવારની રાત્રીથી રવિવારના દિવસ દરમિયાન ૧૬ ઇંચ કરતા વધુ વરસાદ મામલતદારના ડિઝાસ્ટર શાખામાં નોંધાયો હતો. જોકે ભારે વરસાદના કારણે અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલ શાન્તા કુંજ સોસાયટી અને દિલ્હી બોમ્બે હાઈવે માર્ગ ઉપર બે ફૂટ કરતા વધુ પાણી ભરાવા સાથે તાલુકા પંથકમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા ત્યાંના રહીશો ચિંતિત થયા હતા. જ્યારે પોચડા ગામમાં આવેલ નાયક ફળિયામાં ઘરોમાં પાણી ઘૂસી જતા ત્યાં રહેતા ૭૦ લોકોને પ્રાથમિક શાળામાં રહેવાની વ્યવસ્થા કરાઈ હતી. જ્યારે રેફરલ હોસ્પિટલ અને એમજીવીસીએલના સબ સ્ટેશન વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતા વીજ પુરવઠો સંપૂર્ણ બંધ કરવામાં આવ્યો હતો.

શહેરા તાલુકામાં ત્રણ દિવસથી વરસાદી માહોલ બનવા સાથે ચોમાસુ રીટન આવતા જગતનો તાત ખુશખુશાલ થયો હતો જયારે શનિવારની રાત્રીથી રવિવારના દિવસ દરમિયાન ૧૬, ઈંચ કરતાં વધુ વરસાદ મામલતદારના ડિઝાસ્ટર શાખામાં નોંધાયો હતો મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલ શાન્તા કુંજ સોસાયટીમાં નદીના જેમ પાણી વહેવા સાથે ઘરોમાં પાણી ભરાઈ જતા ત્યાંના રહીશો ભારે ચિંતિત થઈ ઊઠયા હતા જયારે આ જ વિસ્તારમાંથી પસાર થતો દિલ્હી બોમ્બે હાઈવે ઉપર અવર જવરના બન્ને તરફ વરસાદી પાણી ભરાઈ જવાના કારણે ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. બસ, રીક્ષા સહિત અન્ય નાના મોટા વાહનો આ પાણીમાં ફસાઈ જતા વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકવામાં સાથે ગમે તે રીતે પાણીમાંથી પોતાના વાહનો બહાર કાઢવાની કોશિશ કરતા નજરે પડી રહ્યા હતા જોકે સતત વાહનોની અવરજવર આ હાઈવે ઉપર રહેતી હોવા સાથે ૧૦ કલાક સુધી પાણી આ હાઈવે માર્ગ ઉપર ભરાયેલા રહેતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને સ્થાનિક રાજ્યના વાહન ચાલકો હાઈવે ઉપર બે કરતા વધુ ફૂટ પાણી ભરાતા તેઓ ચિંતિત થઈ ઊઠવા સાથે ગમે તે રીતે વાહન લઈને પસાર થતા જોવા મળ્યા હતા. તાલુકાની મુખ્ય રેફરલ હોસ્પિટલ ખાતે વરસાદી પાણી ભરાઈ જતા સ્ટાફ અને દર્દીઓને અવર જવરમાં ભારે તકલીફ પડી રહી હતી. અને તાલુકામાં વીજ પુરવઠો પૂરો પાડતી એમજીવીસીએલ ના સબ સ્ટેશનમાં વરસાદી પાણી ઘુસી જતા તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો જેના કારણે નગર અને સમગ્ર તાલુકામાં અંધારપટ છવાઈ ગયો હતો જ્યાં સુધી એમજીવીસીએલ ના સબ સ્ટેશનની અંદરથી પાણી નીકળે નહીં ત્યાં સુધી વીજ પુરવઠો બંધ રાખવામાં આવવા સાથે ફરજ બજાવતો સ્ટાફ પણ પાંચ ફૂટ કરતા વધુ ઊંડા પાણીમાં પસાર થઈને પોતાની ફરજ બજાવતો નજરે પડી રહ્યો હતો. આ સહિત તાલુકા પંથકમાં ભારે વરસાદના કારણે અનેક નીચાણવાળા વિસ્તારો માં પાણી ભરાઈ જવા સાથે અમુક કાચા મકાનો પણ ધરાશાય થઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું હતુ. જ્યારે તાલુકાના પોચડા ગામમાં આવેલ નાયક ફળિયામાં કોતર ના પાણી ઘરોમાં ઘૂસી જતા ત્યાંના લોકો ભારે ચિંતિત થઈ ઊઠ્યા હતા અને તંત્ર તેમજ ગામ ના અગ્રણીઓ દ્વારા તમામને ત્યાથી સુરક્ષિત બહાર કાઢીને ગામમાં આવેલ પ્રાથમિક શાળા ખાતે ૭૦ લોકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં સારો વરસાદ એક તરફ ખેડૂતો ખુશખુશાલ થયા તો બીજી તરફ અમુક ખેડૂતોના ખેતરમાં રહેલ પાક પાણીમાં ગરકાવ થઈ જતા આ ખેડૂતો ચિંતાતુર થયા હતા.

# પાવાગઢ યાત્રાધામ ખાતે વરસાદી માહોલને લઈ યાંત્રિકો હેરાન

પાવાગઢ, પાવાગઢ યાત્રાધામ ખાતે દર શનિવારના દિવસે યાત્રિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતાં હોય છે. પંચમહાલ જીલ્લા સહિત મધ્ય ગુજરાતમાં વરસાદ માટે હવામાન વિભાગની આગાહીને લઈ આજે રવિવારના દિવસે યાત્રાધામ સુમસામ બન્યું. યાત્રિકો નહિ આવતાં દુકાનો બંધ રહી.

પાવાગઢ યાત્રાધામ ખાતે રવિવાર અને જાહેર રજાઓના દિવસે યાત્રિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડતા હોય છે. પરંતુ આજે રવિવારના રોજ યાત્રાધામ પાવાગઢ યાત્રિકો વગર સુમસામ બન્યું હતું. સતત વરસાદને લઈ મોડી રાત્રીથી પાવાગઢ ડુંગર ઉપર બ્રીજ પુરવઠો ખોરવાયો હતો. વરસાદી માહોલ અને યાત્રિકો નહિ આવતા ડુંગર ઉપરની તમામ દુકાનોના શટર બંધ રહી હતી. ભારે પવનને લઈ રોપ–વે સેવા પણ બંધ રાખવામાં આવી છે.

**Baroda Gujarat Gramin Bank**
( Owned by : Govt. of India , Bank of Baroda & Govt. of Gujarat )
SCHEDULED BANK SPONSORED BY : BANK OF BARODA

Vavdi-Buzarg Branch **Possession Notice** Regionl Office : Godhra
(For Immovable Property)

Whereas
The undersigned being the authorized officer of the **BARODA GUJARAT GRAMIN BANK** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act,2002 and in exercise of powers conferred under section 13(12) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated 13-06-2023 calling upon the borrower **Shri Bharatkumar Mangaldas Pranami (Legal heir of L.T. Miss Sonalben Fatabhai Solanki)** to repay the amount mentioned in the notice being **Rs.12,39,397.66/- (Rupees Twelve lakh Thirty Nine thousand three hundred Ninety Seven and sixty six paise only**) and interest thereon within 60 days from the date of receipt of the said notice.
The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the security Interest Enforcement) Rules, 2002 on this the 12th day of September of the year 2023.
The borrower's attention is invited to provisions of sub-section(8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.
The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the Baroda Gujarat Gramin Bank, Vavdi-Buzarg Branch, for an amount of **Rs.12,39,397.66/- (Rupees Twelve lakh Thirty Nine thousand Three hundred NinetySeven and sixty six paise only**) and interest thereon.

**Description of the Immovable Property :**

**All that part and parcel of the property consisting of Unit R.S.No.44/ 28/Paiki 6, Village-Vavdi Buzarg Ta. Godhra Dist. Panchmahal.**
**Boundries :**
**On the North : Part of plot No.21**
**On the East : Remaining Part of Plot No.22**
**On the South : 9 Mtr Road**
**On the West : 6 Mtr Road**

Place : Vavdi-Buzarg
Date : 18-09-2023

sd/-
Authorised Officer
Baroda Gujarat Gramin Bank

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાત યોગ બોર્ડ દ્વારા ગોધરામાં યોગ મહોત્સવ યોજાયો



ગોધરા, આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રણેતા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મ દિવસ નિમિત્તે સમગ્ર રાજયમાં તા. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરના રોજ યોગ નિદર્શન અને સામૂહિક યોગના કાર્યક્રમનો આજે બીજો દિવસ, ૧૭ સપ્ટેમ્બરના રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે દશા માળી વાડીમાં ખૂબ ભવ્ય રીતે યોજાયો. આજના અતિ ભારે વરસાદમાં પણ અમે નિર્ધારિત લક્ષ્યાંક પૂરો કર્યો. આ કાર્યક્રમમાં ૪૦૦+ સહભાગીઓની હાજરી રહી હતી. જેમાં આમંત્રિત મહેમાનોની સંખ્યા ૧૦ થી વધારે હતી. જેમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એકેડેમીક એડવાઈઝર ડો.કુમાર જૈમિનિ શાસ્ત્રી, ડો.રાજેશ રાવલ, મૈત્રેયી ગુરૂકુળના આચાર્યા કાંતાબેન, ગાયત્રી પરિવારના અધ્યક્ષ શિવનદાસજી કલવાની અને હ્ય કલબના પ્રમુખ મતી નીમિશાબેન દવે અને ટ્રેઝરર મતી ફાલ્ગુની રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, શરૂઆતમાં પુષ્પગુચ્છ અને ઉપરણા વડે મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું પછી તેમના હસ્તે દીપ પ્રગટાવી સમારંભનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. યોગ મહોત્સવની પૂર્ણાહુતિ બાદ તમામ સહભાગીઓ માટે ચા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક ટ્રેઈનર અને યોગસાધકોએ પણ ખૂબ સહયોગ કર્યો અને યોગ બોર્ડની ટીમનું ટીમવર્ક પણ ખૂબ સારૂં રહ્યું. જેમાં ડી.સી– સોનલ પરીખ, સિનીયર– યોગ કોચ સોનલ દરજી, યોગ કોચ– હસમુખભાઈ હડિયલ, કૈલાશબેન જોષી યોગ ટ્રેઈનર તેજલ પંચાલ સહિત સર્વેનો પૂરો સહયોગ રહ્યો. આમ, આ આખો ઉપક્રમ યશસ્વી નીવડ્યો. મુખ્ય આયોજક સોનલ પરીખ અને સોનલ દરજીએ ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીનો હાર્દિક આભાર વ્યક્ત કરી સ્ટેટ કોઓર્ડિનેટર રાજેશભાઈ પંચાલ અને પિન્કીબેન મેકવાનનો પણ ઋણ સ્વીકાર વ્યક્ત કર્યો હતો.

# વેજલપુરમાં વરલી મટકાના બે જુગારધામ ઉપર વિજિલન્સ દ્વારા રેડ ૧૭ સામે ફરિયાદ

**- વરલી મટકાના જુગાર ધામ ઉપર વિજિલન્સ રેડ સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ.**
**- વરલી મટકાના જુગાર ધામ ઉપર થોડા સમય પહેલા વિજિલન્સ દ્વારા રેડ કરવામાં આવી હતી, તેમ છતાં વેજલપુરમાં વરલી મટકાનો જુગાર રોજે રોજ ધમ ધમે છે.**

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા વેજલપુર માર્કેટમાં સુરેલી સર્કલ પાસે સરકારી સ્કૂલની દીવાલ પાસે ચ્હા–નાસ્તાની લારીઓ પાસે તથા બસ સ્ટેશન પાછળ જૂની બંધ ધર્મશાળાની ગલીમાં એમ બે અલગ અલગ જગ્યાએ રેડ કરી ૧૭ જેટલા ઈસમો સામે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ વેજલપુર ગામમાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા થોડા સમય પહેલા સુરેલી રોડ સર્કલ સરકારી શાળાની દીવાલ પાસે એજ જગ્યા ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલ વિજિલન્સ દ્વારા વેજલપુર માર્કેટમાં સુરેલી સર્કલ પાસે સરકારી સ્કૂલની દીવાલ પાસે પણ રેડ કરવામાં આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેમ છતાં અવાર નવાર વરલી મટકા ફરક આંકનો જુગાર ધમ ધમી રહયો છે અને અનેક વખત માત્ર વિજિલન્સ દ્વારા રેડ કરવામાં આવી રહી છે. જેથી વરલી મટકા જુગાર ઉપર વિજિલન્સને રેડ કરી કાયદેસરની કાર્યવાહી વિજિલન્સને હોય તેવું લાગી રહયુ છે. જયારે સ્થાનિક પોલીસ સ્ટેશનના માત્ર થોડા અંતરે વરલી મટકાનો જુગાર ધામ ધમ ધમે છે, તેમ છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. તેવા અનેક સવાલો લોકોના મનમાં સેવાઈ રહયા છે.